# साबरमती

नदीमुखेनैव समुद्रमाविशेत्

શ્રેણી:૦૨ | અંક:૦૨ | ૨૦૨૫

સપ્ટેમ્બર (ભાદરવો)









# સાંકળિયું


1. **શિક્ષકદિને પ્રો. ભદ્રાયુ વછરાજાની સાથે ભાવિ શિક્ષકોનો સંવાદ** 4
- નીતિનકુમાર ઢાઢોદરા અને મનુભાઈ રબારી

2. **યુવા-ભારતી** 9
- શ્રી જિતેન્દ્ર ઢેબરીયા

3. **खेल भारती** 14
-विक्रम सिंह अमरावत

4. **પ્રવૃત્તિ-દર્પણ** 18
- શ્રી અદ્વૈતા દવે

5. **આગામી કાર્યક્રમો** 27



**તંત્રી**

ડૉ. હર્ષદ પટેલ

**મુખ્ય સંપાદક**

ડૉ. ધ્વનિલ પારેખ

**સંપાદન મંડળ**

ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે



# સંપાદકીય લેખ

"આજ ગગનથી ચંદન ઢોળાઈ રે...
આસોના ભણકારા થાય...."

આસોની અજવાળી રાતનો આ મહિનો છે. મા શક્તિનું આરાધના પર્વ નવરાત્રિ. વિશ્વના સહુથી મોટા નૃત્યોત્સવનો આ મહિનો. આસોની અજવાળી રાતનો અનેક રીતે મહિમા રહ્યો છે. નવરાત્રિ એટલે આબાલવૃદ્ધ સહુના મનમાં થનગનાટ પ્રેરે એવો મહિનો. સમગ્ર ગુજરાતમાં અને હવે તો ગુજરાત બહાર અને વિદેશમાં પણ નવરાત્રિના તહેવારની ઉજવણી જોવા મળે છે. વિશ્વના કોઈ પણ ખૂણામાં જ્યાં એક પણ ગુજરાતી રહેતો હશે ત્યાં નવરાત્રિનો ઉજાસ ફેલાયા વિના નહિ રહેતો હોય. મા શક્તિનું આ આરાધના પર્વ છે અને નવેનવ દિવસ જુદાંજુદાં નામરૂપે માતાની આરાધના થતી હોય છે. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પણ આ પર્વ ધામધૂમથી ઉજવવામાં આવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠના પ્રાણજીવન વિદ્યાર્થીભવનના સંકુલમાં એનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જવાબદારી વ્યવસ્થાપન વિભાગને સોંપવામાં આવી હતી. દરરોજ વિવિધ ફેકલ્ટી દ્વારા જવાબદારી ઉપાડવામાં આવી હતી. વરસાદના વિઘ્ન વચ્ચે પણ પ્રાણજીવન વિદ્યાર્થીભવનના સંકુલમાં નવરાત્રિના ગરબાની ગૂંજ સાંભળવા મળી હતી.

ગૂજરાત વિદ્યાપીઠ માટે સપ્ટેમ્બર મહિનો બે મોટી પ્રવૃત્તિઓનો મહિનો હતો. ખેલભારતી અને યુવાભારતી. આ બંને મહોત્સવમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ખેલભારતી અંતર્ગત વિદ્યાર્થીઓએ વિવિધ રમતોના માધ્યમ દ્વારા પોતાની શારીરિક ક્ષમતા અને પ્રતિભા પુરવાર કરી હતી. યુવા ભારતી વિવિધ કળાઓનો સમન્વય હતો. સાહિત્ય, થિયેટર, લલિતકલા, નૃત્ય અને સંગીત જુદાજુદા વિભાગોમાં વિદ્યાર્થીઓએ પોતાની કળાના ઓજસ પાથર્યા હતા. આ બંને મહોત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન! વિજેતા થનાર વિદ્યાર્થીઓને વિશેષ અભિનંદન!

'સાબરમતી'ના આ અંકમાં જાણીતા શિક્ષણવિદ્ ભદ્રાયુ વછરાજાની શિક્ષકદિનના દિવસે ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષણ મહાવિદ્યાલયમાં ઉપસ્થિત રહ્યા હતા. ભાવિ શિક્ષકો સાથે એમણે કરેલી ગોષ્ઠિ અહીં મૂકવામાં આવી છે. શિક્ષણ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ પૂછેલા ના ઉત્તરમાં ભદ્રાયુભાઈની નિખાલસતા અને પારદર્શકતાના દર્શન થાય છે. ખેલભારતી સંદર્ભે વિક્રમસિંહ અમરાવતે રમત ગમતના કૌશલ્યોથી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં કેવી રીતે પરિવર્તન આવે છે, એની છણાવટ કરી છે. એ જ રીતે શ્રી જિતેન્દ્ર ઢેબરીયાએ યુવાભારતી સંદર્ભે, આ પ્રવૃત્તિઓ કેટલી ઉપયોગી નીવડે છે, એની સઘન ચર્ચા કરી છે.

સપ્ટેમ્બર મહિનાનો 'સાબરમતી'નો આ અંક પ્રગટ કરતા તંત્રીશ્રી અને સંપાદક મંડળ આનંદની લાગણી અનુભવે છે. 'સાબરમતી' સામયિક સંદર્ભે આપના સૂચનો અમને પ્રાપ્ત થશે તો અમે વધુ ઉત્તમ કરવાના પ્રયત્નો કરીશું.


**ડૉ. ધ્વનિલ પારેખ**
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

# શિક્ષકદિને પ્રો. ભદ્રાયુ વછરાજાની સાથે ભાવિ શિક્ષકોનો સંવાદ

સંવાદ નોંધ: નીતિનકુમાર ઢાઢોદરા અને મનુભાઈ રબારી

૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ 'શિક્ષકદિન'ની ઉજવણી નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણ વિદ્યાશાખામાં અભ્યાસ કરતા ભાવિ શિક્ષકોએ પ્રો. ભદ્રાયુ વછરાજાની (પૂર્વ કુલપતિ, લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન, સણોસરા) સાથે સંવાદ કર્યો હતો. આ સંવાદમાં પ્રો. ભદ્રાયુ વછરાજાનીએ સંવાદપૂર્વે કરેલી ભૂમિકા તેમજ ભાવિ શિક્ષકો સાથે થયેલી પ્રશ્નોત્તરી રજૂ કરી છે. શિક્ષણક્ષેત્રમાં અનુભવાતા કેટલાક ◌ોના ઉકેલ તેમાંથી આપણને મળી આવે છે.



પ્રો. ભદ્રાયુ વછરાજાની

મને શિક્ષક થવાનો તમારી જેમ એક દિવસનો નહીં પણ જિંદગીભરનો અનુભવ છે. મારા જીવનમાં મેં બેંકની કાયમી નોકરી છોડીને મેં પ્રાથમિક શિક્ષક બનવાનો નિર્ણય કર્યો હતો. શિક્ષક બન્યા પછી મને શિક્ષણ ક્ષેત્રના સૌથી ઉચ્ચ હોદ્દા પર કામ કરવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થયું છે, કારણ કે શિક્ષણક્ષેત્રમાં પ્રાથમિક શાળાના શિક્ષકથી માંડીને વિશ્વવિદ્યાલયના કુલપતિ સુધી મને સ્વયં વિકસવાની અને વિદ્યાર્થીઓને વિકસાવવાની તક મળી છે. આજે મને અનુભવાય છે કે હું શિક્ષક થયો તેથી મને આત્મસંતોષ પ્રાપ્ત થયો છે. હું જ્યારે બેંકમાં નોકરી કરતો હતો ત્યારે રોજ સાંજે નિરાશ થઈને ઘેર પાછો ફરતો હતો, કારણકે મારો આખો દિવસ બીજાઓના રૂપિયા ગણવામાં પસાર થતો હતો. તે સમયથી જ મને શિક્ષક બનવામાં એટલા માટે રસ પડ્યો કે શિક્ષક બનવાથી મને જીવંત લોકો સાથે કામ કરવાની તક મળશે એવું મને લાગતું હતું. વિદ્યાર્થીઓ આપણને અહીં નિર્વ્યાજ પ્રેમ આપે છે. મને પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેના મારા દિવસો હજુ પણ યાદ છે. શિક્ષકના વ્યવસાયે મને જીવંત રાખ્યો છે. મને લાગે છે કે પૂર્વ જન્મમાં મેં ખૂબ જ પૂણ્ય કર્યાં હશે તેથી હું શિક્ષક બન્યો હોઈશ. આપ સૌને શિક્ષક અને શિક્ષણક્ષેત્રના પ્રશ્નો-ચર્ચા માટે હું આવકારું છું. આપના પ્રશ્નોના મને જેવી સમજ છે તે પ્રમાણે ઉત્તર આપવાનો હું પ્રયત્ન કરીશ.






## 1. વિદ્યાર્થીઓની ક્ષમતાઓને કેવી રીતે બહાર લાવવી?

શિક્ષકનું કામ ભણાવી દેવાથી પૂરું થતું નથી, વિદ્યાર્થીઓની ક્ષમતાઓને બહાર લાવવાનું કામ એ જ શિક્ષકનું મુખ્ય કામ છે. આપણી સામે બેસેલા વિદ્યાર્થીઓ જીવંત છે અને આ વિદ્યાર્થીઓમાં પૂર્ણત્વ છે તેમ આપણે માનવું જોઈએ. હું ભણાવું છું તેથી તે ભણે છે અથવા તો શીખે છે તે તો આપણો ભ્રમ છે. આપણે વિદ્યાર્થીઓને મંચ આપવાનું અને તક આપવાનું કામ કરવાનું છે. જે રીતે મૂર્તિકાર મૂર્તિમાં રહેલો વધારાનો ભાગ દૂર કરે છે તે જ રીતે આપણે આપણા વિદ્યાર્થીઓની ક્ષમતાઓને અવરોધક વધારાનો ભાગ દૂર કરીને તેને બહાર લાવવાની છે. આપણે તેના રખેવાળ બનવાને બદલે આત્મીયજન બનીએ તો વિદ્યાર્થીઓની ક્ષમતાઓને ઓળખવાની તેમજ બહાર લાવવાની પ્રક્રિયા થઈ શકે!

## 2. શિક્ષણકાર્ય કર્યા પછી વિદ્યાર્થીઓ જવાબ ન આપે ત્યારે શું કરવું?

એક શિક્ષક તરીકે આપણું કામ વિદ્યાર્થીઓ પાસે માત્ર જવાબો તૈયાર કરાવવાનું નથી, પણ વિદ્યાર્થીઓએ જે બાબતનું અધ્યયન કર્યું છે તેમાંથી તેઓ સમજ સાથે કશુંક બોલે, આત્મવિશ્વાસ સાથે કશુંક બોલે તે પણ મહત્વનું છે. તે માટે આપણે એક શિક્ષક તરીકે બાળકના સ્તર સુધી પહોંચવું જોઈએ. બાળકને જે સ્તરે છે તે સ્તરે જઈને સમજ આપવી અને તેને સતત પ્રોત્સાહન આપવું તે આપણી ભૂમિકા છે. આપણો વર્ગ જ્યારે પૂરો થાય અને આપણે બહાર નીકળીએ ત્યારે આપણી સાથે ચર્ચા કરતા કરતા પાંચ-સાત વિદ્યાર્થીઓ પણ બહાર નીકળે તે જ શિક્ષક તરીકેની આપણી સફળતા સૂચવે.

## 3. કાર્ય કે વર્ગમાં આદર્શ અને વ્યવહાર બંનેને એકસાથે મૂકવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે ઘણીવાર ધર્મસંકટમાં મુકાઈએ છીએ ત્યારે એક શિક્ષક તરીકે આપણે ભૂમિકા શું?

આ જ હું જ્યારે વર્ષો પહેલા રાજકોટમાં પ્રાથમિક શાળામાં શિક્ષક હતો ત્યારે ફાધર વાલેસને મેં પૂછ્યો હતો. ફાધર વાલેસ મુક્ત જવાબ આપી શકે એવા જાણીતા વ્યક્તિ હતા. મેં ત્યારે તેમને પૂછેલું કે 'શિક્ષક તરીકે હંમેશા આપણે વર્ગમાં સાચું જ કહેવું જોઈએ, પણ કેટલીક બાબતો એવી હોય છે જે આપણે વર્ગમાં કહી શકતા નથી ત્યારે શું આપણે એનો જવાબ ન આપવો જોઈએ કે વર્ગમાંથી નીકળી જવું જોઈએ? શું કરવું જોઈએ?' ત્યારે ફાધર વાલેસે જવાબ આપેલો કે 'વર્ગખંડની અંદર હંમેશા સારું અને સાચું જ કહેવું જોઈએ. જ્યારે નિશ્ચિત કરેલ વિષયનું શિક્ષણકાર્ય પૂર્ણ થાય ત્યારે વાસ્તવિકતા બાબતે આપણે વિદ્યાર્થીનું ધ્યાન ચોક્કસ દોરવું જ જોઈએ. સમાજ સારા સભ્યોનો બનેલો હોય છે, સમાજમાં બધા સારા હોય છે, શિક્ષણમાં સારા લોકો હોય છે - આવી સમજ આપ્યા પછી પણ વર્ગની બહાર નિકળતા પહેલા આપણે વાસ્તવિકતા તરફ નિર્દેશ કરતા કહેતા જવું કે બધે હંમેશા આવું હોતું નથી, ક્યાંક ક્યાંક આનાથી તદ્દન જુદું પણ હોઈ શકે છે. આવું કરવાથી જ્યારે વિદ્યાર્થી તમે આપેલા જવાબથી સમાજમાં અલગ જોશે ત્યારે એ તમને જુઠ્ઠા નહીં માને! જ્યારે વિદ્યાર્થીની સામે શિક્ષક જુઠો સાબિત થાય ત્યારે વિદ્યાર્થીનો વિશ્વાસ તૂટે છે તેવું મને લાગે છે.

હું માનું છું કે એક શિક્ષક તરીકે તમારે આદર્શની વાત ચોક્કસ કરવી અને આદર્શની વાત કર્યા પછી કહેવું કે સમાજમાં બધી જગાએ આવું જ જોવા મળતું નથી. જીવનમાં તમે તકલીફ અનુભવશો, જ્યારે તમે નોકરી માટે જશો ત્યારે નોકરીદાતા તમારી પાસેથી રૂપિયા ન માગે, પણ કોઈ અધિકારી એવો હોઈ શકે કે જે તમારી પાસેથી રૂપિયા માગે. આ બધી વાસ્તવિકતાઓ વિદ્યાર્થીઓને કહી દેવાથી ફાયદો એ થશે કે જ્યારે આવું બનશે ત્યારે તમે એને યાદ આવશો અને તમને એ જુઠ્ઠા નહીં ગણે.

**4. આજના વિદ્યાર્થીઓને ગાંધી વિચારધારા તરફ કેવી રીતે પ્રેરિત કરી શકાય?**

આ નો જવાબ મારે તમારી પાસે લેવો રહ્યો. ગાંધી વિચારને વિદ્યાર્થીઓ સુધી લઇ જવાનો એકમાત્ર ઉપાય ગાંધી વિચારને આચરણમાં મૂકવાનો છે. તમારા આચરણમાં જે ગાંધીવિચાર જોવા મળે તે જોઈને વિદ્યાર્થીઓ તેનું આચરણ કરતા થાય તે શિક્ષક સાચો, બાકી બધા તો સાવ જુઠ્ઠા!

**5. શિક્ષકને સત્ય માનવો કે સત્યને શિક્ષક માનવો? બન્ને વચ્ચે ઘણો ભેદ રહેલો છે અને એ ભેદ મને સમજાતો નથી.**

પહેલી વાત એ છે કે વિદ્યાર્થી તરીકે હંમેશા માનવું કે શિક્ષક એ સત્ય છે, પણ જ્યારે તમે વિદ્યાર્થી મટી જાઓ ત્યારે વિશ્લેષણ કરવું. શિક્ષક અને સત્ય વચ્ચે ભેદ લાગે ત્યારે બહુ મન ઉપર ન લેવું. ઈશ્વરે આપણને અહીં પૃથ્વી પર અનુભવો લેવા જ મોકલ્યા છે. પ્રભુએ કહ્યું છે કે, સારું હોય એ લેતો આવજે અને નરસું હોય તેને ત્યાં ને ત્યાં પડ્યુ રાખજે. ગાંધીજીને સમજ્યા વિના આચરણમાં મૂકશો તો તમને નહિ સમજાય. ગાંધીજીનું પહેલું સૂત્ર હતું ' ઈશ્વર સત્ય છે' પણ પછી એમને સમજાયું કે 'સત્ય એ જ ઈશ્વર છે' આપણને જ્યાં સત્ય દેખાય ત્યાં ઈશ્વર, બાકી બીજી કોઈ માથાકૂટમાં ન પડવું.

**6. મારો વ્યક્તિગત છે. આપ જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એકેડેમિક સ્ટાફ કોલેજમાં હતા ત્યારે આપે નિવૃત્તિના ઘણા વર્ષો પહેલા નોકરી છોડી દીધી હતી, તો તે પાછળનું કારણ શું હતું?**

મને જ્યારે એવું લાગે કે અહીં આપણા વિચારોનો વ્યય કરી રહ્યા છીએ ત્યાંથી મને નીકળી જવાની ટેવ છે. ત્યાંથી નીકળીને હું અદાણી ફાઉન્ડેશનમાં ગયો. ત્યાં હું આરામથી જિંદગી કાઢી શકત પણ સાડા ત્રણ વર્ષ પછી હું નીકળી ગયો. જ્યારે હું બેંકમાં નોકરી કરતો હતો ત્યારે અમે બે થી અઢી વાગે અમે બધા ફ્રી થઈ જતા. ત્યારે મને થતો કે, હું અહીં શા માટે આવ્યો છું? કામ પૂર્ણ થયા પછી બેસી રહેવા? બેસી રહેવાનું કામ મને નથી ગમતું. યુનિવર્સિટીમાં શૈક્ષણિક ક્ષમતાઓને બદલે બીજી કોઈ ક્ષમતાઓ જોઈને નિયુક્તિ થવાનો માહોલ રચાયો હતો. આવા માહોલમાં આપણે સમયનો વ્યય કરીએ તેના કરતાં નીકળી જઈએ તો સારું એવું મને લાગતું હતું તેથી મેં તેર વર્ષ વહેલા નિવૃત્તિ લઈ લીધી.

**8.વિદ્યાર્થી પૂછે ત્યારે શિક્ષક પાસે સાચો અથવા પૂરતો જવાબ ન હોય ત્યારે શિક્ષકે શું કરવું? - જેથી વિદ્યાર્થીને શિક્ષક પ્રત્યે કોઈ ગેરસમજ ન થાય.**

ફ્રેન્કલી કહી દેવું કે, દોસ્ત મને ખ્યાલ નથી. એક કામ કરીએ કાલે તુંય તપાસ કરી લાવ ને હુંય તપાસ કરી લાવું એમ કહી દેવું. શિક્ષક છીએ એટલે બધું જ આવડે એવો અભરખો રાખવાની જરૂર નથી. જેટલું જીવતા હોઈએ એ આવડે તો ય ઘણું છે જિંદગીમાં જ્યાં, જ્યારે, જેમ ન આવડતું હોય તે, ત્યારે, તેમ કહી દેવું!

**7. આજના સમયમાં મૂલ્ય શિક્ષણનો હ્રાસ જોવા મળે છે ત્યારે તેને શિક્ષણ દ્વારા પુનઃસ્થાપિત કેમ કરી શકાય?**

મારી દૃષ્ટિએ 'મૂલ્ય શિક્ષણ' જેવો કોઈ વિષય જ નથી. એ તો ઠોકી બેસાડેલો વિષય છે. મૂલ્યનું શિક્ષણ જ ન હોય. આપણા ગુરુકુલોમાં મૂલ્યો ભણાવાયા નથી પણ મૂલ્યને જીવ્યા છે. ગુરુ જેમ જીવતા હોય તેમને જોઈને ઋષિકુમારો શિખતા. આજનો પ્રશ્ન એ છે કે ગુરુઓ જ ઉંધા માર્ગે છે. આપણે જાત તપાસની જરૂર છે કે આપણે શિક્ષક તરીકે કેટલા તૈયાર છીએ. આપણે નાહકની બૂમો પાડીએ છીએ કે આજના વિદ્યાર્થીઓ ઉત્પાત્ કરે છે, પણ શિક્ષકોએ અપગ્રેડ થવું રહ્યું. મને વ્યક્તિગત ફાયદો એ થયો કે મેં KG થી શરૂ કરી PG સુધીના વિદ્યાર્થીઓને ભણાવ્યા છે. એટલે જ હું બાલમંદિરના બાળક સાથે બેસીને વાતો કરી શકુ છું એટલો હળવો છું. જો આપણે પ્રાથમિક શાળામાં છીએ તો આપણે પ્રાથમિક શિક્ષક જેટલા વિકસીએ તે સંતોષ માની લઈએ છીએ, માધ્યમિક શાળામાં શિક્ષક છીએ તો માધ્યમિક શિક્ષક સુધી આપણે સંતોષ માની લઈએ છીએ અને જાતને આગળ વધારવાનો પ્રયત્ન નથી કરતા.

મૂલ્ય શિક્ષણના કિસ્સામાં કેવું થાય છે આપણે બોલીએ છીએ ત્યારે વિદ્યાર્થીઓ જાણે છે કે 'આ બોલે છે એ પ્રમાણે કરતો નથી' એની નોંધ કરે છે. એટલે એને બોલવા દો. તમે વિચાર કરો કે જે પોતાના હાથમાં સાવરણા લે એને જોઈને યુવાનોના ધાડેધાડા હાથમાં સાવરણા લેતા એ ગાંધી કેવા હતા? આજની દૃષ્ટિએ જોવા જઈએ તો એનામાં કોઈ 'પર્સનાલિટી' નહોતી, કોઈ વ્યક્તિત્વ નહોતું. એ બોલે તો કોઈને સાંભળવું ન ગમે એવા હતા, પણ પોતે જે જીવતા હતા એવું એ કહેતા હતા!. એટલે મારી દૃષ્ટિએ મૂલ્ય શિક્ષણ જેવો કોઈ વિષય નથી. મૂલ્ય એ જીવનની અને જીવવાની બાબત છે અને એ જોઈને મારા કુટુંબના સભ્યો કે મારી શાળાના વિદ્યાર્થીઓ કરે એ સાચું.

**9.આજે સવારથી સાંજ સુધી કાર્યક્રમ દરમિયાન તમને મેં જોયા. તમે સતત સ્મિતસભર છો. આજના સમયમાં એક શિક્ષક તરીકે નાના-મોટા અનેક સંઘર્ષો આવે છે. ત્યારે અમારું મોરલ ડાઉન થઈ જાય છે. તો આ સમયમાં સેલ્ફ મોટીવ કેવી રીતે રહી શકાય?**

હું એવું માનું છું કે આપણને કોઈ અન્ય પ્રેરણા ન આપી શકે. એટલે આજના જેટલા 'મોટિવેશનલ સ્પીકર' છે તે મારી દૃષ્ટિએ 'ખોટીવેશનલ સ્પીકર' છે. હું કોઈ પણ પ્રવૃત્તિ મારા સંતોષ ખાતર કરું છું. કોઈપણ પ્રકારની ચિંતા ન કરવી' જે કામ આપણું છે એને પુરા આનંદથી કરવું. આપણું નથી એને માથે ન લેતાં જેનું હોય તેને સોંપી દેવું. બીજી એક આદત કેળવવાની જરૂર છે સવારે વહેલા ઉઠીશું તો આપણે સ્ફૂર્તિવાન રહીશું. સૂર્યોદય પછી જાગશું તો આપણી સ્ફૂર્તિ ઓછી રહેશે. અને મહત્વની વાત જ્યાં જરૂર નથી ત્યાં આપણા શબ્દનું વાવેતર ન કરવું!

**11. પોતાની અને બીજાની જિજ્ઞાસાને કેમ ટકાવી રાખવી?**

પહેલો મુદ્દો એ કે જીવતી ન રહે એ જિજ્ઞાસા જ નથી. જિજ્ઞાસા એ છે કે જ્યાં સુધી તમે એને જાણી ન લો કે એના મૂળ સુધી ન પહોંચો ત્યાં સુધી એ જીવતી રહે છે.

બીજો મુદ્દો તમે બીજાની પણ જિજ્ઞાસાની પણ વાત કરી. તો તમારા જીવનની દરેક શરૂઆત કે અંત કંઈક ઇનોવેટિવ વાતથી કરવી જોઈએ. ઉદાહરણ તરીકે તમે ગુજરાતીના શિક્ષક છો તો તમે આજે દિનકરની કવિતાથી વાત શરૂ કરો. બીજા દિવસે વર્ગમાં જાઓ અને અંગ્રેજી ભાષાના જોક્સથી વાત શરૂ કરો. ત્રીજા દિવસે ટાગોરની વાત કરો. આનાથી એ થશે કે હવે પછી શું નવું આવશે એવી વિદ્યાર્થીઓમાં સતત જિજ્ઞાસા રહેશે. આ મુદ્દા દ્વારા હું એવું કહેવા માગું છું, નવાચારી પ્રવૃત્તિઓ આપણી અને વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને ટકાવી શકે છે. આપણે આપણી ઘરેડમાંથી બહાર નીકળવું એ જ જિજ્ઞાસાને ટકાવી રાખવાનો શ્રેષ્ઠ માર્ગ છે !

**10. શિક્ષણ જગતમાં ૨૯ જુલાઈ ૨૦૨૦ પછી ઘણા પરિવર્તનો આવ્યા છે. આ વિવિધ પરિવર્તનોની વચ્ચે ભાષા ફસાઈ ગઈ છે. એટલે એમ કહીએ તો ૧૯૮૮થી આજ દિન સુધી એનો કોઈ નિવેડો નથી આવ્યો. હું વાત કરું છું ત્રિભાષા સૂત્રની અને આ ત્રિભાષા સૂત્ર સંદર્ભે આપ પાસે જાણવા માંગુ છું કે શું ભાષાઓ પ્રત્યે શિક્ષણ જગતમાં આપણા દૃષ્ટિકોણ જડ નથી થયા? કેમકે આપણે આપણા વર્ગમાં કે આપણી દરેક વાતચીતમાં સતત માતૃભાષા, પ્રાદેશિક ભાષા, રાષ્ટ્રભાષા, વિશ્વભાષાની ચર્ચાઓ કરીએ છીએ અને એ બધામાં અનેક ભાષાઓ લુપ્ત થઈ રહી છે. નવી ભાષાનો ઉદભવ થતો નથી. ભૂતકાળની વાત કરીએ તો સંસ્કૃત પછી પ્રાકૃત અને પાલી ભાષા આવી ત્યારે આખા ભારત પર વિવિધ ભાષાઓ છવાઈ ગઈ હતી, પણ હવે ધીમે ધીમે ભાષાઓ તો ઓછી થઈ રહી છે અને નવી ભાષાઓ જન્મતી નથી અને જો કોઈ નવી ભાષા જન્મે કે પ્રયત્ન કરે છે ત્યારે તેને દબાવી દેવામાં આવે છે. જેમકે હિંગલિશ, ગુજલિશ વગેરે જેવી ભાષાઓ. આ બધી પણ ભાષાઓ જ છે ને? આગળ જતા એનું પણ એક વ્યાકરણ બનશે છે તો આ વિશે આપનું શું મંતવ્ય છે?**

હું બહુ જ સહજતાથી કહીશ કે, આપણી પાસે વિચારવા જેવા મહત્ત્વના અન્ય મુદ્દાઓ છે જ નહીં જેથી આપણે આવા વિષયો પર ચર્ચા કરીએ છીએ. નવી ભાષા હોવી, કઈ ભાષા ચાલવી જોઈએ? એ બધું મહત્વનું છે જ નહીં. સરળ વસ્તુ એ છે કે 'હું જે બોલું છું તે સામેવાળાને પહોંચે છે કે નહીં? સામેવાળાને સમજાય એ ભાષા સાચી'. બે વ્યક્તિઓ વચ્ચે કે સમુદાયો વચ્ચે ભાષા અંતરાય રૂપ બનતી હોય તો તે ભાષા નકામી! મને લાગે છે કે જે સમન્વયકારી વાત છે એ જ કરવી જોઈએ.



## આ સંવાદ યોજાયો ત્યારબાદ પ્રો. ભદ્રાયુ વછરાજાનીએ ફેસબુક પર મૂકેલી પોસ્ટ!!!

**પાંચમી સપ્ટેમ્બર, ૨૦૨૫. શિક્ષક દિવસ. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વીત્યો. RJ ની શૈલીમાં કહું તો બેક ટુ બેક કાર્યક્રમો.**

સવારના પીએચ.ડી. માટે સંશોધન કરવા વિદ્યાપીઠમાં અને અન્ય યુનિવર્સિટીમાં પ્રવેશ લેનાર સંશોધકો સાથે અઢી ત્રણ કલાકની વિષદ છણાવટ વાળો સમય ગયો અને ફરી એકવાર મારા પ્રિય રિસર્ચના ઘણા બધા પગલાંઓને યાદ કરીને હું રાજી થયો.

બપોર પછી શિક્ષણ વિદ્યાશાખામાં સ્વયં શિક્ષણ દિનમાં આજે શિક્ષક થનારા પ્રશિક્ષાર્થીઓ સાથે એક ગોષ્ઠિનો કાર્યક્રમ રાખેલો અને એને નામ આપેલું "શિક્ષક શિક્ષક સંવાદ" પ્રા. ડો. દીપુબા દેવડા વર્ષોથી વિદ્યાપીઠમાં છે એમણે બહુ સુપેરે આયોજન કર્યું. બી.એડ. હોય એટલે તાલીમાર્થીઓ તો ઉત્સાહમાં હોય જ અને એમાં પાછું ગૂજરાત વિદ્યાપીઠનું સુંદર મજાનું ભાવાવરણ એટલે સૌના ચહેરા ઉપર શિક્ષક બન્યાનો નિર્ભેળ આનંદ દેખાઈ રહ્યો હતો.

મેં ભૂમિકા માત્ર પંદર મિનિટમાં બાંધી. કારણ મને રસ એ વાતમાં હતો કે, અમારી વચ્ચે વધુ સંવાદ થાય અને મેં ખુલ્લું મેદાન આપીને પ્રશ્નો પૂછવા માટે ઈજન આપ્યું. આપણા દેશમાં જેમ બને છે તેમ પ્રશ્નો પૂછવાનું હવે આપણે ભૂલી ગયા છીએ પણ ધીમેધીમે બધા ઉઘડતા ગયા અને પછી તો છેલ્લે "હવે છેલ્લા બે પ્રશ્ન" એવું દીપુબાએ કહેવું પડ્યું. અનેક પ્રશ્નો છે શિક્ષક બનવા જઈ રહેલ આ પેઢી પાસે અને દરેક પ્રશ્નની અંદર પોતાના અને આવતી પેઢીના વિદ્યાર્થીઓની સતત ચિંતા છે.

કોઈએ એવું પૂછ્યું કે, "ઘણું બધું સમજાવવા છતાં પણ વિદ્યાર્થી ન સમજે તો મારે શું કરવું?"

કોઈનો એવો પણ પ્રશ્ન હતો કે, "આપણે જે ધારતા હોઈએ કે સુંદર રીતે કરીશું તે આપણે ઘણી વખત સિસ્ટમનાના દુરાગ્રહને લઈને કરી શકતા નથી તો એવા સંજોગોમાં તમે શું કરતા હતા?"

એક આસામી બહેને પૂછ્યું કે, "હું આપને સવારથી observe કરું છું પણ આપ સવારથી સાંજ સુધી અમારી નજર સામે છો અને સવારે જેટલી સ્ફૂર્તિ હતી એટલી જ સ્ફૂર્તિ અત્યારે પણ છે, તો એનું કારણ શું છે?"

ચારે દિશાઓમાંથી પ્રશ્નો આવ્યા, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિશે પણ વાત થઈ. આવતીકાલે બીએડ કેવું હશે?? એના વિશે પણ ચર્ચા થઈ અને લગભગ એક કલાક માટે રાખેલો સંવાદ પોણા બે કલાક ચાલ્યો.સૌએ ઉત્સાહભેર સમુહ ફોટોગ્રાફ લેવા માટે પણ આગ્રહ કર્યો. દીપુબાએ સુચારુ આયોજન કર્યું અને પ્રા. ડો. મહેશ નારાયણજીએ હિન્દીમાં સુંદર સૂત્રથી માહોલ બાંધી આપ્યો. કેટલાક પ્રશ્નો અંગે સ્પષ્ટતા કરવાનું કામ પ્રા. ડો. ભરતભાઈ જોશીએ પણ કર્યું.

આનંદ એ વાતનો હતો કે, ઘણાં વર્ષો પછી ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણ વિદ્યાશાખામાં મને જવાનો લાભ મળ્યો અને આવતીકાલના શિક્ષકો સાથે સંવાદ કરવાની એક ઉત્તમ તક મળી.

હું સ્પષ્ટ રીતે માનતો હતો, માનું છું અને માનીશ કે, શિક્ષકમાં તો ધગશ ધબકે જ છે, માત્ર આપણે એને "શિક્ષક" તરીકે સ્વીકારીને ખુલ્લું મેદાન આપવું જોઈએ તો એમની અંદરની સર્જનાત્મકતા ચોક્કસ ખીલી શકે છે.

આવતીકાલનું શિક્ષણ કેવું હશે એ મારી સાથે બેઠેલા આવતીકાલના શિક્ષકો નક્કી કરવાના છે, એવું મને લાગ્યું કારણ પ્રત્યેકની આંખમાં મને તેજ દેખાયું ને આશાભર્યો પ્રકાશ પણ...આ સાથે મુકેલા ફોટોગ્રાફ ઉપરથી પણ જોઈ શકાશે કે, પ્રશ્ન પૂછનાર વિનયથી પૂછે તે તો ખરું જ છતાં સૌએ "પૂછવું છે તે જ પૂછવું" એમ કરીને એમણે પ્રશ્નો કર્યા.

વિદ્યાપીઠનું ગાંધી વાતાવરણ અને એમાં કુલપતિ હર્ષદભાઈ પટેલે છેલ્લા દોઢ વર્ષથી લીધેલી નેતૃત્વની જવાબદારી એક નવો આનંદનો માહોલ સર્જી રહેલ છે તેનો આપણને સંતોષ છે.

# યુવા-ભારતી

-શ્રી જિતેન્દ્ર ઢેબરીયા

## વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસનો જીવંત મંચ











ગૂજરાત વિદ્યાપીઠમાં ઉજવાતો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ– "યુવા-ભારતી" માત્ર એક સાંસ્કૃતિક કાર્યક્રમ નથી; તે વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા, વિચારો અને સપનાંઓને વ્યક્ત કરવા માટે મળતો રંગમંચ છે. ઘણાં વર્ષોના વિરામ બાદ આ કાર્યક્રમને વિદ્યાર્થીએ ફરી જીવંત સ્વરૂપે ઉજવ્યો, નવી ઊર્જા, નવી શક્યતાઓ અને નવા અનુભવ સાથે. આ કાર્યક્રમનો ઉદ્દેશ માત્ર મનોરંજન પૂરતો નથી, પરંતુ વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ, સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ, અને સામાજિક સમજણને પ્રોત્સાહિત કરવાનો છે. યુવા-ભારતી એ એવો સાંસ્કૃતિક કાર્યક્રમ છે, જે યુવાનોને પોતાની આંતરિક ક્ષમતાઓ શોધવા અને તેને વિકસિત કરવા માટેનું ખુલ્લું આકાશ પૂરું પાડે છે. ખાસ કરીને ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાંથી અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ માટે, કે જેમને ઘણા કારણોસર આવી તક પ્રાપ્ત થતી નથી.

## અભિવ્યક્તિનો મંચ જ્યાં વિદ્યાર્થી પોતાને શોધે છે....



વિદ્યાર્થી જીવન એવી ઉંમર છે જ્યાં મનમાં નાનાં-મોટાં ઘણા વિચારો, ભાવનાઓ અને સપનાંઓ ઊભા થતા રહે છે. પરંતુ દરેક વિદ્યાર્થીને આ બધું વ્યક્ત કરવાની તક મળતી નથી. યુવા-ભારતી જેવા કાર્યક્રમો એ શૂન્યતાને પૂર્ણ કરે છે.ગાયન હોય કે નૃત્ય, નાટક હોય કે કવિતા દરેક કલા સ્વરૂપ વિદ્યાર્થીને પોતાની વ્યક્તિગત ઓળખ વ્યક્ત કરવાની તક આપે છે. રંગમંચ પર ઊભું રહેવું અનેક વિદ્યાર્થીઓ માટે જીવનમાં પ્રથમ વખતનો અનુભવ હોય છે. પ્રથમ પ્રસ્તુતિ સાથે જ પોતાના વિષે આપવામાં આવતો પરિચય, તાળી અને ઉત્સાહ તેમના મનમાં એક ઊંડો વિશ્વાસ ઊભો કરે છે"હું કરી શકું છું." આ આત્મવિશ્વાસ માત્ર મંચ સુધી સીમિત નથી રહેતો. વિદ્યાર્થી જ્યારે પોતાની ક્ષમતા સૌની સામે સાબિત કરે છે ત્યારે તે જ આત્મવિશ્વાસ તેમને વર્ગખંડમાં, પ્રોજેક્ટમાં, ઇન્ટરવ્યુમાં અને જીવનનાં અનેક ક્ષેત્રોમાં આગળ વધતા રહેવાની પ્રેરણા પૂરી પાડે છે. આ વિદ્યાર્થીઓ સમાજ જીવનમાં બીજા માટે પણ પ્રેરણાસ્રોત બની રહે છે.યુવા-ભારતી આ રીતે અભિવ્યક્તિનો એક એવું મંચ બને છે જ્યાં દરેક વિદ્યાર્થીઓને પોતાને ઓળખવાની, વ્યક્ત થવાની અને નવી દિશામાં આગળ વધવાની તક મળે છે.

## સર્જનાત્મકતા અને વિચારશક્તિ

કલાના રંગોમાં ઘડાતું વ્યક્તિત્વ

કોઈપણ કલા ફક્ત મનોરંજન માટે નથી; તે માનસિક ક્ષમતાઓને તીવ્ર બનાવે છે. એક નૃત્યના જુદા જુદા સ્ટેપ્સને શીખવાની પ્રક્રિયા, એક ગીતના સરગમનું સંયોજન, નાટક માટેની તૈયારી આ બધું જ વિદ્યાર્થીને સર્જનાત્મક રીતે વિચારવાનું શીખવે છે.

નાટકના એક દૃશ્યને જીવંત બનાવવા માટે આખી ટીમ કેટલી ચર્ચા કરે છે, પાત્રની ભાવના કેવી હોવી જોઈએ, સંવાદ ક્યારે ઉંચો બોલવો, ક્યારે મૌન રહેવું, સ્ટેજની ચાલ કેવી રાખવી, આ બધું વિદ્યાર્થીને વિશ્લેષણાત્મક રીતે વિચારવાની ક્ષમતા અને એ વિશ્લેષણમાંથી વિવિધ રસ્તાઓ શોધવાની શક્તિ પૂરી પાડે છે. નૃત્ય અથવા સંગીતના અભ્યાસમાં વિદ્યાર્થી પોતાની કલ્પનાશક્તિને નિખારે છે. ક્યારે લય વધારવો, ક્યારે અટકાવવો, કેવી રીતે ભાવ વ્યક્ત કરવો. આ બધું જીવનમાં સમસ્યાઓ ઉકેલવાની કુશળતા પણ વિકસાવે છે.

સર્જનાત્મક પ્રવૃત્તિઓ "પરફેક્ટ હોવું" શીખવતી નથી; તે "નવા રસ્તા અજમાવવા" શીખવે છે. અને આજના સ્પર્ધાના સમયમાં આ કુશળતા નવી રીતોથી વિચારવાની ક્ષમતા વિકસાવે છે.



## વારસાની ઓળખ અને સમાજ પ્રેમ

વારસાની ઓળખ અને સમાજ પ્રેમ: કલા દ્વારા સંસ્કૃતિનો પરિચય

યુવા-ભારતીનું એક મહત્ત્વપૂર્ણ પાસું એ છે કે તે તેમની સાંસ્કૃતિક ઓળખને મજબૂત કરે છે. વિદ્યાર્થીઓ જયારે લોકનૃત્ય કરે છે ત્યારે તેઓ જે-તે પ્રદેશની પરંપરા, ઇતિહાસ, અને લોકોની જીવનશૈલી સાથે સંકળાઈ જાય છે અને કદાચ તે વિસ્તારના વિદ્યાર્થીઓના જીવનને વધારે સારી રીતે સમજતા થાય છે. લોકગીતો ગાતાંગાતાં વિદ્યાર્થીઓને આપણા પૂર્વજોની લોકસંસ્કૃતિનો પરિચય મળે છે. સંગીતમાં છુપાયેલા જીવન મૂલ્યો, પ્રેમ, સંઘર્ષ અને ઉર્જાનો અનુભવ કરે છે. આ પ્રક્રિયા પેઢીય સબંધોને નવી ઉષ્મા પૂરી પાડે છે.

આ સમજણ તેમને સમાજ પ્રત્યે વધુ સંવેદનશીલ બનાવે છે. વિદ્યાર્થી જુદીજુદી પ્રસ્તુતિઓ દ્વારા જાણે છે કે ભારતમાં વિવિધ પરંપરાઓ, ભાષાઓ અને કલાઓ હોવા છતા સૌમાં એકતા અને માનવતાની અસર છે. આ અનુભવ તેમને વધુ માનવીય, વધુ સમજદાર અને વધુ જવાબદાર નાગરિક બનવામાં મદદરૂપ થાય છે.

## સહકાર અને નેતૃત્વ

સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા શીખાતું જીવનકૌશલ્ય

યુવા-ભારતીની સૌથી સુંદર બાબત એ છે કે મોટાભાગની પ્રવૃત્તિઓ ટીમ આધારિત હોય છે. લોકનૃત્યમાં જૂથ સાથેનો તાલમેલ, નાટકના રિહર્સલ વખતે ઉભું થતું સાયુજ્ય, સમૂહ-ગાનની લયભક્તિ આ બધું વિદ્યાર્થીઓને ટીમવર્કના અગત્યના પાઠ શીખવે છે. એક સાથે કામ કરતી વખતે વિદ્યાર્થીઓ સાંભળવાનું, સમજવાનું, સહકાર આપવાનું અને ક્યારેક સ્વમંતવ્ય છોડવાનું પણ શીખે છે.

એક નાના નાટકના આયોજનમાં પણ કેટલાં બધાં કામ સામેલ હોય છે સ્ક્રિપ્ટ, અભિનય, સંગીત, મેકઅપ, લાઇટિંગ, સેટ આ બધાંમાં વિદ્યાર્થીઓ એકબીજા પર નિર્ભર બનતા શીખે છે. આ પ્રક્રિયામાં સહકાર ભાવ અને પરસ્પર વિશ્વાસ વિકસે છે. ભારત જેવા સામાજિક સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતા દેશમાં આવી સમજણ ધરાવતા નાગરિકોની ખૂબ જ અગત્યતા રહેલ છે. તે જ રીતે નેતૃત્વના ગુણો પણ આ કાર્યક્રમ દરમિયાન સહજ રીતે વિકસી આવે છે. જ્યારે કોઇ વિદ્યાર્થી ટીમનું નેતૃત્વ કરે છે ત્યારે તેને આયોજન, સમયનું સંચાલન, નિર્ણયો લેવાની ક્ષમતા જેવી બાબતો આપોઆપ શીખવા મળે છે. આ કુશળતાઓ જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી છે શૈક્ષણિક પ્રોજેક્ટ હોય, નોકરીની જવાબદારી હોય કે સોશિયલ ઇન્ટરેક્ટ. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં અનુભવેલા આ સહકાર અને નેતૃત્વના પાઠ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને મજબૂત પાયા બને છે.



## નવી શરૂઆત, નવી ઊર્જા

2024થી યુવા-ભારતીનું પુનરુત્થાન

ગૂજરાત વિદ્યાપીઠમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન, લાંબા વિરામ પછી 2024માં ‘યુવા-ભારતી’ સ્વરૂપે ફરી શરૂ થયું અને આ પુનઃપ્રારંભ માત્ર એક કાર્યક્રમનું પુનરાગમન નથી, પરંતુ નવી ઊર્જા અને નવા સ્વપ્નોનું પ્રતીક છે. વિદ્યાર્થીઓને પહેલા કરતાં વધુ તક, વધુ વૈવિધ્ય અને વધુ સર્જનાત્મક સ્વાતંત્ર્ય મળવા લાગ્યું છે. નવા આયોજનમાં વધુ પ્રવૃત્તિઓ ઉમેરાતા વિદ્યાર્થીઓને પોતાની પસંદગી મુજબની કલા શીખવા અને રજૂ કરવાની તક મળે છે. કેટલાક વિદ્યાર્થીઓ જે પહેલાં પ્રેક્ષક તરીકેની ભૂમિકા ભજવતા રહેતા હતા, તેઓ પણ મંચ પર આવ્યા લાગ્યા છે. ઘણાં વિદ્યાર્થીઓએ પહેલી વખત પોતાની પ્રતિભા વિશે જાણ્યું. એવું વાતાવરણ સર્જાયું કે જેમાં વિદ્યાર્થીઓને પોતાની જાતને અજમાવવાની અને વિકસાવવાની તક મળી.

## માનસિક શાંતિ, ખુશી અને આત્મ-સમૃદ્ધિ

કલા દ્વારા જીવનનું સંતુલન

વિદ્યાર્થીઓના જીવનમાં ક્યારેક શૈક્ષણિક દબાણ, સ્પર્ધા, અને ભવિષ્યની ચિંતા તેમને તણાવમાં મૂકે છે. કલા એ તણાવ માટેનો સ્વાભાવિક ઉપચાર છે. સંગીતનું રિહર્સલ, નૃત્યની તાલ, રંગમંચની જીવંત પ્રક્રિયા આ બધું વિદ્યાર્થીઓમાં માનસિક શાંતિ, એકાગ્રતા અને આનંદ લાવે છે. યુવા-ભારતીનું વાતાવરણ વિદ્યાર્થીઓને શીખવે છે કે કલાક્ષેત્ર માત્ર પ્રતિભાનું પ્રદર્શન નથી તે મનને સંતુલિત અને પ્રસન્ન રાખવાનું એક દર્શન પણ છે. શારીરિક ઉર્જા, માનસિક શાંતિ-એકાગ્રતા અને સર્જનાત્મક આનંદ આ બધું વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે જરૂરી બાબતો છે.

## યુવા-ભારતી કાર્યક્રમ એક, કૌશલ્યો અનેક

યુવા-ભારતી માત્ર એક દિવસ કે સપ્તાહનો કાર્યક્રમ નથી, પરંતુ વિદ્યાર્થીજીવનને સમૃદ્ધ બનાવતો એક અનોખો અનુભવ છે. તે વિદ્યાર્થીઓને પોતાની ઓળખ શોધવા, નિર્ભય અને સર્જનાત્મક રીતે અભિવ્યક્તિ કરવા, ટીમવર્ક, નેતૃત્વ અને નવી બાબતો આનંદ સાથે શીખવાની તક આપે છે. આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓને વધુ સંવેદનશીલ, સર્જનાત્મક અને જવાબદાર બનાવી ભવિષ્યના પડકારો માટે તૈયાર કરે છે. આશા છે કે વિદ્યાર્થીઓ દર વર્ષે ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની અંદરની ક્ષમતાઓને ઉજાગર કરશે.



# યુવાભારતી પરિણામ - 2025

### કોલાજ

| | | | | | |
|---|---|---|---|---|---|
| कृति भरतभाई गोंडलिया | | 66 | 1 | M.Sc. (Microbiology) | કોલાજ |
| वैदिक भगत | | 61 | 2 | | કોલાજ |
| दृष्टि रमेशभाई परमार | | 54 | 3 | M.Sc. (Microbiology) | કોલાજ |

### પોસ્ટર

| | | | | | |
|---|---|---|---|---|---|
| अंशु कुमारी | | 88 | 1 | B.Sc. (Microbiology) | પોસ્ટર |
| यशकुमार मणिलाल चौहान | | 82 | 2 | M.S.W. | પોસ્ટર |
| खुशबुबेन मनुभाई निसर्ता | | 75 | 3 | M.A. (History) | પોસ્ટર |

### માટીકળા

| | | | | | |
|---|---|---|---|---|---|
| लिनू विपुलभाई पांचाल | | | 1 | B.Ed. | માટીકળા |
| केतनभाई नंदलालभाई वसावा | | | 2 | M.A. (English) | માટીકળા |
| दक्षेश नरपतभाई वसावा | | | 3 | M.A. (History) | માટીકળા |

### કાર્ટૂનિંગ

| | | | | | |
|---|---|---|---|---|---|
| निर्झरबेन विश्वासभाई वलवी | | 92 | 1 | M.A. (Sociology) | કાર્ટૂનિંગ |
| हैप्पी कमलेशभाई भंडारी | | 86 | 2 | M.Sc. (Microbiology) | કાર્ટૂનિંગ |
| अंजनीबेन बाबूलाल कनोजिया | | 78 | 3 | B.A. (English) | કાર્ટૂનિંગ |

### રંગોળી

| | | | | | |
|---|---|---|---|---|---|
| रिंकलबेन जगदीशभाई पटेल | | 73 | 1 | M.A. (English) | રંગોળી |
| केतनभाई नंदलालभाई वसावा | | 68 | 2 | M.A. (English) | રંગોળી |
| अवनि भूपतभाई अनघन | | 66 | 3 | M.S.W. | રંગોળી |

### શીઘ્ર ફોટોગ્રાફી

| | | | | | |
|---|---|---|---|---|---|
| गार्गी किरीटभाई परमार | | | 1 | M.A. (Journalism and Ma | શીઘ્ર ફોટોગ્રાફી |
| प्रिंसकुमार रमेशभाई पटेल | | | 2 | B.A. (Sociology) | શીઘ્ર ફોટોગ્રાફી |
| लक्षगिरी जितेंद्रगिरि मेघनाथी | | | 3 | B.Com. | શીઘ્ર ફોટોગ્રાફી |
| मैत्री हरीश शाह | | | 3 | M.A - H.R.M | શીઘ્ર ફોટોગ્રાફી |

### ઇન્સ્ટોલેશન

| | | | | | |
|---|---|---|---|---|---|
| अंजलि महेशभाई चौहान | | | 1 | M.S.W. | ઇન્સ્ટોલેશન |
| दिव्याबेन सातूभाई गरासिया | | | 2 | M.A. (English) | ઇન્સ્ટોલેશન |

### ખાદી દિપ્તી

| | | | | | |
|---|---|---|---|---|---|
| अवनीबेन चंद्रेशकुमार बदरकिया | | 48 | 1 | B.C.A. | ખાદી દિપ્તી |
| कामेजलिया नयनाबेन विरम्भाई | | 45 | 2 | B.Ed. | ખાદી દિપ્તી |
| रिंकलबेन जगदीशभाई पटेल | | 31 | 3 | M.A. (English) | ખાદી દિપ્તી |

### સૂતર માળા/આંટી સુશોભન

| | | | | | |
|---|---|---|---|---|---|
| रिंकलबेन जगदीशभाई पटेल | | 49 | 1 | M.A. (English) | સૂતર માળા/આંટી સુશોભન |
| नीलिमा रवींद्रभाई गामित | | 47 | 2 | M.B.A. (Rural Manageme | સૂતર માળા/આંટી સુશોભન |
| सारिकाबेन देवजीभाई डामोर | | 45 | 3 | M.B.A. (Rural Manageme | સૂતર માળા/આંટી સુશોભન |

### મહેંદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| प्रियांशी अरविंदभाई सौंडागर | | 88 | 1 | M.C.A. | મહેંદી |
| परिता महेंद्रभाई यादव | | 75 | 2 | B.C.A. | મહેંદી |
| मितालिबेन जगदीशभाई पटेल | | 74 | 3 | M.A. (Sociology) | મહેંદી |

### વક્તૃત્વ

| | | | | | |
|---|---|---|---|---|---|
| परिक्षित मुकेशभाई जोगी | | 170 | 1 | M.A. (English) | વક્તૃત્વ |
| राज प्रकाशभाई वढेर | | 163 | 2 | M.A. (Gujarati) | વક્તૃત્વ |
| प्रियांशी महेश शर्मा | | 158 | 3 | B.Sc. (Microbiology) | વક્તૃત્વ |
| करनसिंह हथिसिंह बराड | | 158 | 3 | M.A. (History) | વક્તૃત્વ |

### વાદ-પ્રતિવાદ

| | | | | | |
|---|---|---|---|---|---|
| परिक्षित मुकेशभाई जोगी | Group-3 | | 1 | M.A. (English) | વાદ-પ્રતિવાદ |
| रेनिश अनुपम वाघेला | Group-3 | | 1 | M.A. (English) | વાદ-પ્રતિવાદ |
| पूर्वा परिहार | Group-7 | | 2 | B.P.Ed. | વાદ-પ્રતિવાદ |
| दीपक विजयशंकर यादव | Group-7 | | 2 | M.P.Ed. | વાદ-પ્રતિવાદ |
| प्रेमनाथ सिंह | Group-5 | | 3 | B.P.E.S. | વાદ-પ્રતિવાદ |
| तिवारी प्रवेश धीरेन्द्र | Group-5 | | 3 | B.P.E.S. | વાદ-પ્રતિવાદ |

### શીઘ્ર વક્તૃત્વ

| | | | | | |
|---|---|---|---|---|---|
| भावनाबेन रत्नभाई चावडा | | 63 | 1 | M.Ed. | શીઘ્ર વક્તૃત્વ |
| प्रिंसी रंजन राजा | | 58 | 2 | M.Ed. | શીઘ્ર વક્તૃત્વ |
| ललितभाई दिलीपभाई सुथार | | 52 | 3 | B.Ed. | શીઘ્ર વક્તૃત્વ |

### પાદ પૂર્તિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| सुनील कुमार गोविंदभाई परमार | | 18 | 1 | M.A. (Gujarati) | પાદ પૂર્તિ |
| समीरसिंह महेंद्रसिंह कुशवाह | | 16 | 2 | B.Ed. | પાદ પૂર્તિ |
| वैकुंठकुमार हरिराम मोध | | 15 | 3 | B.A. (Gujarati) | પાદ પૂર્તિ |

### કાવ્ય પઠન

| | | | | | |
|---|---|---|---|---|---|
| प्रियांशी रॉय | | 79 | 1 | M.Sc. (Microbiology) | કાવ્ય પઠન |
| राज प्रकाशभाई वढेर | | 75 | 2 | M.A. (Gujarati) | કાવ્ય પઠન |
| परिक्षित मुकेशभाई जोगी | | 73 | 3 | M.A. (English) | કાવ્ય પઠન |

### નિબંધ લેખન

| | | | | | |
|---|---|---|---|---|---|
| गायत्रीबेन पामाभाई खंभाला | | 70 | 1 | M.A. (Economics) | નિબંધ લેખન |
| आस्था राकेशकुमार सिंह | | 69 | 2 | M.Sc. (Microbiology) | નિબંધ લેખન |
| अश्विनभाई कांजीभाई चौधरी | | 68 | 3 | B.A. (Gujarati) | નિબંધ લેખન |

### ક્વિઝ

| | | | | | |
|---|---|---|---|---|---|
| चौधरी मुकेशभाई रेवाभाई | Group-1 | | 1 | B.Ed. | ક્વિઝ |
| सुरेशभाई बेचारभाई कांजिया | Group-1 | | 1 | B.Ed. | ક્વિઝ |
| शिबानी जुगेंद्रनाथ गोगोई | Group-1 | | 1 | M.Ed. | ક્વિઝ |
| ध्रुव सुरेशभाई छाया | Group-4 | | 2 | M.Lib.I.Sc. | ક્વિઝ |
| महला विरलभाई अमृतभाई | Group-4 | | 2 | M.Lib.I.Sc. | ક્વિઝ |
| गायत्रीबेन पंकजभाई परमार | Group-4 | | 2 | M.Lib.I.Sc. | ક્વિઝ |
| जयसुखभाई भरतभाई सरवैया | Group-3 | | 3 | M.Sc. IT | ક્વિઝ |
| जिल विनोदभाई पटेल | Group-3 | | 3 | M.Sc. IT | ક્વિઝ |
| संकेत राजेशभाई चौहान | Group-3 | | 3 | M.Sc. IT | ક્વિઝ |



-विक्रम सिंह अमरावत

# खेल और विद्यार्थी जीवन














खेलों का विद्यार्थी की ज्ञान अर्जन की प्रक्रिया और उसके व्यक्तित्व के विकास में महत्त्वपूर्ण योगदान होता है। शिक्षणशास्त्र के विभिन्न विमर्शों में भी इस सिद्धान्त को स्वीकार किया गया है। यहाँ तक कि गांधी ने भी शिक्षा की अवधारणा को व्यक्त करते हुए खेलों के महत्त्व को प्राथमिकता के साथ स्वीकार किया है। हालांकि गांधी शिक्षण की प्रक्रिया में सीधे खेलों तक नहीं पहुँचते बल्कि शारीरिक श्रम की आवश्यकता की बात करते हुए खेलों के महत्त्व को उजागर करते हैं। गांधीजी कहते है कि, "शिक्षा का उद्देश्य शरीर और आत्मा के बीच का सामंजस्य स्थापित करना है।" गांधीजी नई तालीम में दिल, दिमाग और हाथ तीनों के सामंजस्य की बात करते हैं। शारीरिक श्रम में उत्पादन




के अर्थ को व्यापक रूप से लेते हुए वे स्वीकार करते हैं कि, उत्पादन महज वस्तु का नहीं बल्कि ज्ञान और नैतिकता का भी है। नई तालीम में श्रम जीवन का नैतिक अनुशासन है और खेल शरीर और मन की लयबद्धता का आधार। गांधीजी शिक्षण की प्रक्रिया में ऐसे खेलों के पक्ष में थे जो शरीर को स्वस्थ बनाएँ और मन को संयमित रखें। इसीलिये गूजरात विद्यापीठ की स्थापना के उद्देश्य में गांधीजी खेलों के महत्त्व को शामिल करते हैं।

